सत्यमेव जयते

**વિસાવદરના નામદાર મુખ્ય સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.વિસાવદર.**

–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:
**વાદી તરફે :– વિ. વકીલશ્રી ડી.એમ.શાહ.**
**પ્રતિવાદી તરફે :– વિ. વકીલશ્રી એચ.કે.સાવલીયા.**
–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

**<u>–:આંક:–૫ લગત હુકમ:–</u>**

**(૧)** વાદીએ હાલનો દાવો પ્ર.વાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે. વાદીની હાલની કામચલાઉ મનાઈ અરજીની હકીકત એવી છે કે વાદીએ પ્રતિવાદીઓ સામે તેમની વડીલોપાર્જીત ખેતીની જમીનોમાંથી વાદીનો હિસ્સો જુદો પડાવી લેવા અને વાદીના હિસ્સાનો પ્રત્યક્ષ કબજો મેળવવા વિગેરે દાદ મેળવવા માટે દાવો કરેલ છે. વાદીના ગુજ. પિતાશ્રી ગોબરભાઈ મુળજીભાઈ શીંગાળા વિસાવદર ગામના સર્વે નં.૩૧ ની હેકટર ૦–૭૮–૯૧ સર્વે નંબર–૩૮ ની હેકટર ૨–૬૯–૧૨ તથા સર્વે નં.૧ ૨૮ ની હેકટર ૬–૩૯–૪૧ ના ક્ષેત્રફળની મળીને કુલ હેકટર ૯–૮૭–૪૪ ના ક્ષેત્રફળની ખેતીની જમીનો ધરાવતા હતા. તેમના અવસાન બાદ આ ખેતીની જમીનોનો વારસાઈ નોંધ દાખલ થયેલ હતી જે વારસાઈ નોંધમાં તેમની વારસ પુત્રી તરીકે વાદીનુ નામ પણ રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલ હતુ. પ્રતિવાદી ઓએ ગેરકાયદેસરને રીતરસમ અપનાવીને વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરાવેલ હતુ તેથી વાદીએ તેની સામે જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે.

ઉપરોકત વડીલોપાર્જીત ખેતીની જમીનમા વાદીનો ચોથા ભાગનો એટલે કે ૧/૪ ભાગનો કાયદેસરનો હકક હિસ્સો છે. જે હકક હિસ્સો મેળવવા વાદી કાયદેસર રીતે હકકદાર છે. તે દાદ મેળવવા વાદીએ દાવો કરેલ છે.

**R.C.S.No.66/2023**.

પ્રતિવાદીઓએ રેવન્યુ રેકર્ડમાથી વાદીનુ નામ કમી કરાવીને તેની ખોટી રીતે અને મનસ્વીપણે ઘરમેળે વહેંચણી કરી નાખેલ હતી. અને તે રીત રેવન્યુ રેકર્ડમા વડીલોપાર્જીત જમીન તેમના નામે અને ખાતે ચડાવી દીધેલ હતી. ત્યારબાદ પ્રતિવાદીઓએ સર્વે નં.૩૧ ની તથા સર્વે નં.૩૮ ની ઉપરોકત ખેતીની જમીનો અન્યને વેચાણ કરી નાખેલ છે. પ્રતિવાદીઓ વાદીને તેમનો કાયદેસરનો હિસ્સો આપવા માગતા નથી તેથી બાકી રહેતી સર્વે નં.૧૨૮ ની દાવા અરજી પારા–(૨૧) મા જણાવેલ વિગત વર્ણન વાળી ખેતીની જમીન પણ પ્રતિવાદીઓ વેચાણ કરી નાખવા કે અન્યના નામે હસ્તાંતર કરી નાખવા તેમજ આ જમીનો ઉપર કરજ બોજો ઉભો કરી તેનો ગેરલાભ લેવા તજવીજ કરી રહેલ છે. વાદીને તેમનો કાયદેસરનો થતો હિસ્સો નહીં આપવાના હેતુથી પ્રતિવાદીઓ ગેરકાયદેસર રીતે આ જમીનો હસ્તાંતર કરી નાખે કે અન્ય રીતે આ જમીનો ઉપર કરજ બોજો ઉભો કરી લે તેવો પુરેપુરો સંભવ છે. તેથી પ્રતિવાદીઓ સામે તેમ કરતા અટકાવવા હાલની મનાઈ હુકમની અરજી લાવેલ છે. વાદીનો પ્રાઈમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમા છે, ઈરીપેરેબલ લોસ પણ વાદીને થાય તેમ છે.

હાલના પ્રતિવાદીઓના નામે દાવાવાળી ખેતીની જમીનો પૈકીની નીચે મુજબની ખેતીની જમીનો આવેલી છે. તેમજ પ્રતિવાદીઓ આ ખેતીની જમીનમાં ખેતી કરે છે. આ ખેતીની જમીનો પણ પ્રતિવાદીઓ વેચાણ કરી નાખવા તજવીજ કરી રહેલ છે. તેમજ પ્રતિવાદીઓ આ જમીન ઉપર ગેરવ્યાજબી કરજ ઉભુ કરીને તે રકમનો ગેરલાભ ઉઠાવવા માંગે છે.

| **ક્રમ** | **રેવન્યુ રેકર્ડમાં હાલના ચાલતુ નામ** | **સર્વે નંબર** | **હે.આરે.ચો.મી.** |
|---|---|---|---|
| (૧) | હસમુખભાઈ ભીખાલાલ શીંગાળા | ૧૨૮/પૈકી૧/પૈકી૧ | ૦–૮૪–૯૮ |
| (૨) | અનીલભાઈ ભીખાલાલ શીંગાળા | ૧૨૮/પૈકી૧/પૈકી૨ | ૧–૫૩–૭૮ |
| (૩) | વિનુભાઈ ભીખાલાલ શીંગાળા | ૧૨૮/પૈકી૧/પૈકી૩ | ૦–૮૦–૯૪ |
| (૪) | નટવરલાલ ગોબરભાઈ શીંગાળા | ૧૨૮/પૈકી ૨ | ૩–૧૯–૭૧ |

ઉપરોકત ખેતીની જમીનો પ્રતિવાદીઓ વેચાણ કરી નાખવા માગતા હોવાનુ અથવા તો આ જમીનો ઉપર ગેરવ્યાજબી રીતે કરજ ઉભુ કરવા તજવીજ કરતા હોવાનુ વાદીઓને તા.૨૫/૬/૨૦૨૩ ના અરસામા

**R.C.S.No.66/2023**.

જાણમા આવેલ છે તેથી પ્રતિવાદીઓ સામે મનાઈ હુકમની અરજી કરવા કારણ ઉપસ્થિત થયેલ છે. આમ વાદીએ હાલની અરજી લાવી આ અરજીના પારા–(૮) તથા દાવા અરજીના પારા–(૨૧) મા જણાવેલ સર્વે નં.૧ ૨૮ પૈકીની જુદા જુદા પેટા સર્વે નંબરોની ખેતીની જમીનો અંગે પ્રતિવાદીઓ જાતે કે તેના પરિવારના સભ્યો, એજન્ટો કે કુલમુખત્યાર હસ્તાંતરના કે હસ્તાં તર સ્વરૂપના કોઈપણ પ્રકારના વ્યવહારો કરે કે કરાવે નહીં. આ ખેતીની જમીનો ઉપર કોઈપણ જાતનુ કરજ બોજો કે લેણું ઉભુ કરે કે કરાવે નહીં. આ જમીનો અંગે વેચાણ, બક્ષિસ કે ગીરો જેવા કોઈપણ વ્યવહારો પ્રતિવાદીઓ કરે કે કરાવે નહીં તેવો દાવો ચાલતા દરમિયાનનો કામચલાઉ મનાઈહુકમ આપવા અરજ કરેલ છે.

(૨) સદરહુ કામચલાઉ મનાઈ હુકમની કાયદેસરની નોટીસ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદીઓ વિ.વ.શ્રી મારફત હાજર થયેલ. આંક–૧ ૬ થી મનાઈ અરજીનો લેખીત જવાબ રજુ કરી વાદીઓની મનાઈ અરજીનો મહદ અંશે ઈનકાર કરી જણાવેલ છે કે, વાદીએ તેની વચગાળાનો મનાઈ હુકમ મેળવવાની અરજીમાં માંગેલ દાદ અને દાવામાં માંગેલ મનાઈ હુકમની દાદ

બંને એકસરખી છે. આખરી સ્વરૂપની દાદ વચગાળાના તબકકે મળી શકે નહીં. તેથી વાદીની અરજી રદ થવાને પાત્ર છે.

વાદીની મનાઈ હુકમની અરજી પારા–(૫) નો ઈન્કાર કરી જણાવેલ છે કે વાદીનો સ.નં.૩૧ તથા ૩૮ અને ૧૨૮ ની જમીનમા હકક, હિત, હિસ્સો કે અધિકાર રહેલ નથી. વાદીએ પોતાનો હકક હિસ્સો નાણામાં લઈ જતો કરેલ છે. વાદીનુ દાવાવાળી જમીનમાં હકક હિત કે હિસ્સો રહેલ નથી. વાદીનો પ્રાયમાફેસી કેસ નથી. વાદી ઉભી કરેલ ખોટી હકીકતો વાળી મનાઈ અરજી લાવેલ છે. વાદી કલીન હેન્ડ નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી.વાદી પ્રતિવાદીઓ સામે મનાઈહુકમ મેળવવા હકકદાર નથી.

વાદીની મનાઈ હુકમની અરજી પારા–(૬) નો ઈન્કાર કરી જણાવેલ છે કે સગવડતા અને સમતુલાની દ્રષ્ટિએ જોતા વાદીએ સ.નં.૩૧ તથા ૩૮ અને ૧૨૮ ની ખેતીની જમીનમાથી સને ૨૦૦૭ ના વર્ષમા પ્રતિવાદી નં.૧ થી ૩ પાસેથી રૂા.૩,૨૫,૦૦૦/– અંકે રૂપીયા

ત્રણ લાખ પચ્ચીસ હજાર પુરા લઈ હકક હિસ્સો જતો કરેલ છે. વાદીએ સોગંદ ઉપર હકક હિસ્સો જતો કર્યાનુ જાહેર કરેલ છે. આ તમામ હકિકતોથી વાદી તથા વાદીના પુત્ર પ્રવિણભાઈ અને વાદીની પુત્રી સુધાબેન સારી રીતે વાકેફ છે. તેમ છતાં વાદી પ્રતિવાદીઓ પાસેથી નાણા પડાવવા માટે પ્રતિવાદીઓની સામે કાનુની કાર્યવાહી કરેલ છે. સગવડતા અને અગવડતાની દ્રષ્ટિએ વાદીને મનાઈ હુકમ ન આપવામા આવે તો વાદીને કોઈ હેરાનગી કે અગવડતા ઉભી થાય તેમ નથી. જયારે મનાઈ હુકમ વાદીની તરફેણમા આપવામા આવે તો પ્રતિવાદીઓના કાયદેસરના હકક અને અધિકારો ભોગવી શકે નહીં અને તેને કારણે પ્રતિવાદીઓની હેરાનગતી અને અગવડતા ઉભી થાય તેમ છે. આમ સગવડતા અને સમતુલાની દ્રષ્ટિએ ન્યાયનુ પલ્લુ પ્રતિવાદીઓની તરફેણમા રહેલ છે. વાદીની તરફેણમાં રહેલ નથી.

વાદીની મનાઈ હુકમની અરજી પારા–(૭) નો ઈન્કાર કરી જણાવેલ છે કે વાદી દાવાવાળી મીલકતમાં હકક, હિત કે હિસ્સો રહેલ નથી. જેથી દાવાવાળી જમીન સબંધે વાદીને કશુ કહેવાનો પણ હકક કે અધિકાર રહેલ નથી. પ્રતિવાદીઓની કબજા, ભોગવટા અને માલીકીની જમીન સબંધે વાદીના લાભમાં જો મનાઈ હુકમ આપવામા આવે તો પ્રતિવાદીઓને નાણામાં ન આંકી શકાય તેવુ પારાવાર નુકશાન જાય તેમ છે. જેથી વાદીની વચગાળાની મનાઈહુકમ મેળવવાની અરજી રદ થવાને પાત્ર છે.

વાદી તરફે પ્રતિવાદીઓના આંક ૧૬ ના જવાબ સામે આંક ૨૮ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરી વાદીએ પ્રતિવાદી સામે કરેલ દાવામાં પ્રતિવાદીએ રજ કરેલ દાવા જવાબમા લીધેલ તકરારો તદ્દન ખોટા અને ઉભા કરેલ છે. પ્રતિવાદીએ કરેલ ખોટા લખાણમાં વાદીની સામે દાદ માગેલ હોય વાદીને બંધનકર્તા નથી.

(૩) ત્યારબાદ વાદી પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે હાલના વાદીનો વાદગ્રસ્ત વડીલોપાર્જીત ખેતીની જમીન જે વિસાવદર

**R.C.S.No.66/2023**.

મુકામે આવેલ છે તેમા વાદીનો ૧/૪ ભાગ થતો હોય તેમ છતાં પ્રતિવાદીઓએ વાદીનુ નામ રેવન્યુ રેકર્ડમાથી ગેરકાયદેસરની રીતરસમ અપાવી કમી કરાવી ખોટી રીતે ઘરમેળે વહેંચણી કરી નાખેલ હતી. અને પ્રતિવાદી ઓએ ખોટી રીતે વાદગ્રસ્ત જમીનોમા તેમનુ નામ ચડાવી દીધેલ હતી. અને ત્યારબાદ પ્રતિવાદીઓએ સર્વે નં.૩૧ તથા સર્વે નં.૩૮ ની જમીનો અન્યને વેચાણ કરી નાખેલ છે. પ્રતિવાદીઓ વાદીને કાયદેસરનો હિસ્સો આપવા માંગતા નથી. અને પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીન વેચાણ કરી નાખે કે અન્યના નામે હસ્તાંતર કરી નાખે કે જમીન ઉપર બોજો ઉભો કરે તેમ હોય તેમજ વાદીનો પ્રાઈમાફેસી કેસ હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમા હોય અને જો પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીન વેચી નાખે કે હસ્તાતંતર કરે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ હોય વાદીની હાલની મનાઈહુકમની અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) ત્યારબાદ પ્રતિવાદીઓના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે વાદીએ દાવામા તથા વચગાળાની મનાઈહુકમની અરજીમા સરખી દાદ માંગેલી હોય આખરી સ્વરૂપની દાદ વચગાળાના તબકકે મંજુર થઈ શકે નહીં. તેમજ વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૩ પાસેથી રૂા.૩,૨૫,૦૦૦/– લઈ પોતાનો હકક, હિસ્સો જતો કરેલ હોય. તેમજ વાદીએ પ્રતિવાદીઓની તરફેણમા ફારગતી દસ્તાવેજ તેમજ સોગંદનામું તેમજ કબુલાત કરી આપેલ હોય જેથી વાદગ્રસ્ત જમીનોમા વાદીનો કોઈ હિસ્સો રહેલો ન હોય જો મનાઈહુકમ આપવામા આવે તો પ્રતિવાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થાય તેમ હોય તેમજ સગવડ–અગવડની સમતુલા પણ પ્રતિવાદીની તરફેણમા હોય વાદીની મનાઈહુકમની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે વાદીએ દાવા અરજી સાથે આંક ૪ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી માર્ક ૪/૧ થી ૪/૧૨ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં માર્ક ૪/૧ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૨૦૯૫ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૨ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૯૪

**R.C.S.No.66/2023**.

૪૯ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૩ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૯૫૦૧ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૪ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૯૫૬૭ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૫ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધનં.૧૧૨૮૦ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૬ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૧૨૨૩૦ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૭ થી વિસાવદર ગામના હકકપત્રકની નોંધ નં.૧૪૭૦૩ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૮ થી પ્રતિવાદી નં.(૩) ના ખાતા નં.૧૩૨૩ ના ૮–અ ની કોમ્પ્યુટર કોપી,માર્ક–૪/૯થીપ્રતિવાદી નં.(૪) ના ખાતા નં.૧૩૨૦ ના ૮–અ ની કોમ્પ્યુટર કોપી,માર્ક–૪/૧૦ થી પ્રતિવાદી નં.(૫) ના ખાતા નં.૧૩૨૧ ના ૮–અ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૧૧ થી પ્રતિવાદી નં.(૬) ના ખાતા નં.૧૩૨૨ ના ૮–અ ની કોમ્પ્યુટર કોપી, માર્ક–૪/૧૨ થી પ્રાંત અધિકારીશ્રી વિસાવદરની કોર્ટના આર.આર.ટી. અપીલ નં.૧૦૭/૨૦૨૨ ના હુકમની નકલ રજુ કરેલ છે.

(૬) પ્રતિવાદીઓ તરફે આંક ૧૭ ના દસ્તાવેજી પુરાવા લિસ્ટથી માર્ક ૧૭/૧ થી વાદીએ લખી આપેલ ઘરમેળેના ફારગતી દસ્તાવેજની ખરી નકલ, માર્ક–૧૭ /૨ થી વાદીએ પ્રતિવાદી નં.૧ થી ૩ નાને તેના વકીલ મારફતે આપેલ નોટીસ, માર્ક–૧૭/૩ થી વાદીની નોટીસનો પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વકીલ મારફત આપેલ જવાબ, માર્ક–૧૭/૪ થી વાદી તથા વાદી વકીલશ્રીને નોટીસ જવાબ મોકલ્યાની વિન્ડો સ્લીપ, માર્ક–૧૭/૫ થી રે.સ.નં.૩૧ ની ગામ નમુના નં.૭ ની ખરી નકલ, માર્ક–૧૭/૬ થી રે.સ.નં.૩૮/પૈકી–૧ ની ગામ નમુના નં.૭ ની ખરી નકલ, માર્ક–૧૭/૭ થી રે.સ.નં.૩૮/પૈકી–૨ ની ગામ નમુના નં.૭ ની ખરી નકલ, માર્ક–૧૭/૮ થી વાદીએ હકક હિસ્સો ખેતીની જમીનોમાંથી જતો કર્યાના સોગંદનામાંની નકલ, માર્ક–૧૭/૯ થી વાદીએ ખેતીની જમીનોમાંથી હકક, હિસ્સો જતો કર્યાનુ સીટી તલાટી વિસાવદર રૂબરૂના કબુલાતનામાની નકલ, માર્ક–૧૭/૧૦ થી વિસાવદર નોંધ નં.૯૪૪૯ ની ૧૩૫ ડી. ની નોટીસની નકલ, માર્ક–૧૭/૧૧ થી આર.આર.ટી. રીવીજન નં.૧૦/૨૦૨૩ ના ચુકાદાની ઓનલાઈન કોપી, માર્ક–

૧૭/૧૨ થી આર.આર.ટી. રીવીજન નં.૧૧/૨૦૨૩ ના ચુકાદાની ઓનલાઈન કોપી, માર્ક–૧૭/૧૩ થી આર.આર.ટી. રીવીજન નં.૧૪/૨૦૨૩ ના ચુકાદાની ખરી નકલ રજુ કરેલ છે.

(૭) પક્ષકારોએ ઉપરોકત રજુ કરેલ દસ્તાવેજ તથા પક્ષ નિવેદન પરથી આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

(૧) શું વાદીનો પ્રાઈમાફેસી કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના તરફેણમાં છે?

(૩) શું મનાઈ હુકમથી વાદીને રક્ષણ ન આપવામાં આવે તો વાદીને ઈરરીપેરેબલ લોસ થાય તેમ છે?

(૪) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છેઃ–

મુદા નં.૧– નકારમાં

મુદ્દા નં.૨– નકારમાં

મુદ્દા નં.૩– નકારમાં

મુદ્દા નં.૪– આખરી હુકમ મુજબ

**<u>નિર્ણયો માટેના કારણોઃ–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>**

(૯) ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ટાળવા સારુ સદર મુદ્દાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

વાદી તરફે રજુ થયેલ કામચલાઉ મનાઈ અરજીને લક્ષ્યમાં રાખી વાદીની મનાઈ અરજીનો નિર્ણય કરતા પહેલા સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૩૯ રૂલ ૧ને પ્રથમ લક્ષ્યમાં લેવો જોઈએ. જયારે કોઈ દાવાની વાદગ્રસ્ત મિલકત વેડફાઈ જવાનો, તેને હાની થવાનો, દાવાના કોઈ પક્ષકાર ધ્વારા હસ્તાંતર થવાનો ભય છે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં વેચાઈ જવાનો ભય છે તેમજ તે મિલકત વેડફાઈ જતી હોય, તેને નુકશાન થતુ હોય, બીજાને આપી દેવાની હોય તે, લેવાની હોય તે, ખસેડાતી હોય તે, મિલકતના સંબંધમાં વાદીનો કબજો છોડાવી દેવા નુકશાન પહોંચાડવા માટે જયારે કૃત્ય થતુ હોય તેવા સંજોગોમાં ઉપરોકત કાયદાની

જોગવાઈ લક્ષ્યમા લેવાની હોય છે. ત્યારે સદર દાવામાં આંક ૫ની મનાઈ અરજી લક્ષ્યમાં લેતા તથા તેના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજોને લક્ષ્યમાં લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તે સાબીત કરવાની જવાબદારી હંમેશા વાદી પક્ષની રહેલી છે.

(૧૦) વધુમાં આ કામે આ દાવા હકીકત સંદર્ભે કાયદાકીય જોગવાઈઓ જોવામાં આવે તો, વાદીએ મનાઈ હુકમ મેળવવા માટે અદાલતને સંતોષ થાય તે રીતે વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેવુ બતાવુ પડે. જે મુજબ દાવાના મહત્વના અને ગંભીર પ્રશ્નોની ઈન્સાફી કાર્યવાહી થવાની છે અને હકોનો નિર્ણય કરવાનો છે અને તેમાં તે સફળ થાય તેવી પુરી શકયતા છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રથમ દર્શનીય રીતે હકનુ અસ્તિત્વ હોવુ અને તે હકક કે અધિકારોમાં કોઈપણ વ્યકિતનો બિનઅધિકૃત હસ્તક્ષેપ હોવો તે કામચલાઉ કે કાયમી મનાઈ હુકમ મંજુર કરવાની પહેલી શરત છે.

(૧૧) પ્રથમ દર્શનીય કેસ એટલે વાદીએ કે કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરનારે રજુ કરેલી હકીકતો, એ જ સ્વરૂપે સ્વીકારતા, સામાન્ય બુધ્ધિની સામાન્ય વ્યકિતને દેખીતી રીતે સાચી જ જણાય અને તે અંગેનુ મહત્વનુ ધ્યાન આપવુ જરૂરી જણાય અથવા તે હકીકત વિચાર કરવા યોગ્ય છે. માંગણી ધ્વારા કરેલા આક્ષેપો ઉપરથી કોઈપણ પ્રકારના સંદેહ વગર સમાન્ય સમજણ શકિત વાળી વ્યકિતને એવો વિચાર થાય કે કંઈક અઘટીત કૃત્ય સામી વ્યકિત કરી રહી છે અને તેને અટકાવવાની જરૂર છે અને પ્રથમ દર્શનીય રીતે મિલકતના માલીકી હકક વચ્ચે ગુંચવાડો ઉભ્ભો થવો જોઈએ નહી. પ્રથમ દર્શનીય રીતે મીલકતનો માલીકી હકક પુરાવાથી પ્રસ્થાપીત કરવાનો હોય છે. કાયમી મનાઈ હુકમની માંગણી કરનાર વ્યકિતનો મહત્વનો પ્રશ્ન સંકળાયેલ છે અને શુધ્ધ બુધ્ધિથી તે તેના હકકની માંગણી કરે છે અને તે માટે ઈન્સાફી કાર્યવાહીની અને ન્યાયીક નિર્ણયની જરૂરીયાત ઉભી થયેલ છે.

(૧૨) વધુમાં કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવા માટે ફકત પ્રથમ દર્શનીય કેસનુ અસ્તિત્વ જ હોવુ એટલુ જ પુરતુ નથી. પરંતુ માંગણીદારે અદાલતને વધુમાં બતાવવાનુ જરૂરી બની રહે છે કે, જો માંગણી મુજબ કામચલાઉ મનાઈ હુકમ તેની તરફેણમાં મંજુર કરવામાં નહી આવે તો તેને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ અસહય અને પારવાર નુકશાન થશે અને કામચલાઉ મનાઈ હુકમની માંગણી સિવાય બીજી કોઈ ન્યાયીક દાદનો વિકલ્પ તે તબકકે રહેલો નથી, કે જેથી પોતાના હકકનુ રક્ષણ કરી શકે અને ઉભા થયેલા નુકશાનના ભયને અટકાવી શકે અને તેના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ નિઃશંકપણે જરૂરી છે જેને કાનુની પરિભાષામાં ''ઈરરીપેરીબેલ ઈન્જરી'' એટલે કે ગંભીર નુકશાન કે મહત્વશીલ હાની કે બગાડ કે અતિશય ખોટ કે જે સહેલાઈથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન. આવુ નુકશાન સમન્યાયીક હુકુમતનુ અગત્યનુ ઘટક છે. આ પ્રકારની સમન્યાયીક હુકુમતના ઉપયોગમાં બંને પક્ષકારોનુ હીત સમાયેલુ છે. પ્રતિવાદીનુ ગેરકાનુની કૃત્ય અટકે જેથી ભવિષ્યમાં વાદીને થતુ નુકશાન અટકે અથવા તો તેને વધુ સહન ન કરવુ પડે.

(૧૩) તદઉપરાંત કામચલાઉ મનાઈહુકમ મંજુર કરવા માટે એક વધારે શરત એવી છે કે, મનાઈ હુકમથી કોને વધારે પ્રતિકુળ અને સાનુકુળ અસર પડે તેમ છે તેનો પરસ્પર વિચાર કરી તેના સમતુલાના આધારે કામચલાઉ મનાઈ હુકમની માંગણીનો વિચાર કરવો જોઈએ. જેને કાનુની ભાષામાં ''બેલેન્સ ઓફ કન્વીનીયન્સ'' તરીકે ઓળખાય છે.

(૧૪) આ કામે મનાઈ અરજી સંદર્ભમાં ઉપરોકત કાયદાની જોગવાઈ તથા કેસના સંજોગો અને હકીકત જોવામાં આવે તો વાદીની દાવા હકીકત મુજબ દાવાવાળી વાદગ્રસ્ત મીલ્કતો વડીલોપાર્જીત હોવા બાબતે બન્ને પક્ષે કોઈ તકરાર નથી. વાદીએ હાલનો દાવો પોતાના ગુજરનાર પિતા ગોબરભાઈ મુળજીભાઈ શીંગાળાની અલગ અલગ ખેતી વિષયક જમીનોમાં આ કામના પ્રતિવાદીઓ એટલે કે તેમના ભાઈઓ સાથે વાદીનો પણ હકક, હિત, હિસ્સો રહેલો હોય દાવાવાળી

**R.C.S.No.66/2023**.

મીલ્કતોમા પોતાનો ભાગ મેળવવા તેમજ આ મીલ્કતોના હસ્તાંતરણ બાબતે કાયમી મનાઈહુકમની માંગણી કરેલ છે. વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા નિશાની ૪/૧ થી રજુ થયેલ હકક પત્રકની નોંધ નં.૨૦૯૫ ધ્યાને લેતા તા.૧૫/૭/૬૯ ના રોજ વાદી અને પ્રતિવાદીઓના પિતાના અવશાન બાદ વાદીનુ નામ અનુક્રમ નં.૬ ઉપર તેમના પિતાના વારસ તરીકે આ મીલ્કતના રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલ છે. ત્યારપછીની નિશાની ૪/૨ થી રજુ થયેલ ફેરફાર નોંધ નં.૯૪૪૯ આ કામના વાદી અને અન્ય બહેનોને વારસાગત મીલ્કતોમાથી પોતાનો હકક, હિસ્સો ઉઠાવી લેવા બાબતની અને ત્રણ ભાઈઓ વચ્ચે થયેલ વહેચણી અંગેની સમજુતી નોંધ છે. રજુ થયેલ તમામ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા આ કામે વાદગ્રસ્ત નોંધો સામે આ કામના વાદીએ રેવન્યુ કોર્ટમાં અપીલ દાખલ કરેલ અને પ્રાંત અધિકારીશ્રી વિસાવદરનાઓએ આર.આર.ટી. અપીલ નં.૧ ૦૭ /૨૦૨૨ થી હુકમ કરી ફેરફાર નોંધ નં.૯૪૪૯ ને નામંજુર કરતો હુકમ કરેલ છે જે હુકમની ફેરફાર નોંધ નં.૧૪૪૦૩ આ કામે નિશાની ૪/૯ થી વાદીએ રજુ કરેલ છે. ઉપરોકત હકીકતોને વાદીની હાલની અરજી સાથે વંચાણે લેતા વાદીએ દાવામા એવી હકીકત જણાવેલ છે કે વાદગ્રસ્ત મીલ્કત બાબતે પડેલ ફેરફાર નોંધ નં.૯૪૪૯ પ્રતિવાદીઓએ ખોટી રીતે ગેરકાયદેસર લખાણ ઉભુ કરી અને વાદીને અંધારામા રાખી, તેમની સહીઓ મેળવી કરાવી લીધેલ છે. હકીકતમા વાદીએ પોતાની પિતાની મીલ્કતોમાથી પોતાનો કોઈ હકક, હિસ્સો જતો કરેલ નથી અને વાદી આજે પણ દાવાવાળી મીલ્કતમાથી ૧/૪ હિસ્સો મેળવવા કાયદેસરના હકકદાર છે.

આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા હકકપત્રકની નોંધ નં.૯૪૪૯ તા.૯–૭–૨૦૦૭ ના રોજ પ્રમાણીત થયેલ છે. જયારે રેવન્યુ પ્રકરણોમા આ નોંધ રદ કરતો પ્રાંત અધિકારીશ્રીનો હુકમ તા.૧૮–૧–૨૦૨૩ ના રોજ પ્રમાણીત થયેલ છે જે ફેરફાર નોંધ નં.૧૪૪૦૩ ની નોંધ નંબર આ કામે રજુ થયેલ છે.

આ હકીકત બાબતે પ્રતિવાદીઓ તરફે થયેલ દલીલોને રજુ થયેલ દસ્તાવેજો ધ્યાનમા લેતા આ કામના પ્રતિવાદીઓએ પ્રાંત અધિકારીશ્રી વિસાવદરનાઓએ ફેરફાર નોંધ નં.૯૪૪૯ ને નામંજુર કરતા આર.આર.ટી.

**R.C.S.No.66/2023**.

અપીલ નં.૧૦૭/૨૦૨૨ ના હુકમને કલેકટરશ્રીની કોર્ટમા આર.ટી. રીવીઝન નં.૧૦/૨૦૨૩ થી પડકારેલ અને જે કેસમા કલેકટરશ્રીએ પ્રાંત અધિકારીશ્રીનો હુકમ રદ કરી ફેરફાર નોંધ નં.૯૪૪૯ ને પુનઃસ્થાપિત કરેલ છે. ઉપરોકત રેવન્યુ પ્રકરણોને પક્ષ નિવેદન તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા સાથે ધ્યાને લેતા પ્રતિવાદી ધ્વારા નિશાની ૧૭/૯ થી વાદીએ દાવાવાળી ખેતીની જમીનોમાથી વાદીએ પોતાનો હકક, હિસ્સો જતો કર્યા અંગેનો તા.૩૧–૩–૧૯૭૮ નુ સીટી તલાટી વિસાવદર રૂબરૂનુ કબુલાતનામાની નકલ રજુ કરેલ છે જે દસ્તાવેજ વંચાણે લેતા તે દસ્તાવેજ તલાટી રૂબરૂનો છે. અને નિશાની ૧૭/૧ વાળો ફારગતી દસ્તાવેજમા પણ આ કામના વાદીના અંગુઠાનુ નિશાન અને સાક્ષી અને સંમતી આપનારાઓની સહીઓ દર્શાવેલ છે. વધુમા નિશાની ૧૭/૧૦ થી ફેરફાર નોંધ નં.૯૪૪૯ ની લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૩૫ ડી. મુજબની નોટીસ આ કામે રજુ થયેલ છે જે નોટીસમા પણ વહેચણી અને હકક, હિસ્સો ઉઠાવવા બાબતેની નોંધની વિગતો દર્શાવી નોટીસ ઈસ્યુ થયેલ છે અને તેમા પણ સીટી તલાટી રૂબરૂની વાદી કાશીબેન ગોબરભાઈ શીંગાળાના અંગુઠાનુ નિશાન છે. આમ વાદીની દાવા હકીકત મુજબ ઉપરોકત દસ્તાવેજો ઉપજાવી કાઢેલા અને ગેરકાયદેસરના અને છેંતરપીંડીયુકત હોવા બાબતેના કથનોને હાલના તબકકે પુરાવો લીધા સિવાય રેકર્ડ ઉપર સાબીત કરી શકાય તેમ ન હોય તેવુ આ અદાલતનુ માનવુ છે.

આ અંગે માંગવામાં આવેલ દાદ કામચલાઉ મનાઈહુકમ અંગેની હોય તે ઈકવીટેબલ રીલીફ છે અને ઉપરોકત દાદ મંજુર કરતા પૂર્વે ઈકવીટીના સિધ્ધાંતો કોર્ટે ધ્યાનમાં લેવા જોઈએ તેવુ આ અદાલતનુ માનવુ છે. (Those who seeks equity must do equity , Those who seeks equity must come with clean hands, Equity follows the law, Equity is equality )

વધુમાં વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી સાબીત કરવાનો રહે છે. સમગ્ર હકીકતો ધ્યાને લેતા, વાદી પોતાનો કેસ પ્રથમ દર્શનીય છે અને જો તેમને કામચલાઉ મનાઈ હુકમ ન મળે તો નાણામાં પણ ન સાંખી શકાય

**R.C.S.No.66/2023**.

તેવુ નુકશાન થાય તેમ છે તેવુ સાબીત કરી શકેલ નથી. વધુમાં વાદગ્રસ્ત મિલકત બાબતે કોઈપણ કામચલાઉ હુકમ આપવુ આ અદાલતને યોગ્ય, ન્યાયી જણાતુ નથી.

(૧૩) આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ તથા ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતોને અનુસરીને વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાતુ નથી અને વધુમાં વાદીને નાણાથી પણ ભરપાઈ ન થાય તેવુ નુકશાન થવા સંભવ હોવાનુ કહી શકાય તેમ નથી. આથી મુદ્દા નં.૧ થી ૩નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.૪ નો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: **હુ ક મ** ::–

(૧) વાદીની આંક પની હાલની અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

(૩) આજરોજ રોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

મુ.વિસાવદર.
તારીખ. ૦૬/૦૮/૨૦૨૫

(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)
મુખ્ય સિવિલ જજ
વિસાવદર.

જજ કોડ જીજે ૦૧૫૨૨